# સેશન્સ કેસ નં.–૦૭/૨૦૨૦ ના કામે ચાર્જશીટ તળે હુકમ

આ કામે વર્ષ ૨૦૨૦ થી આરોપી કાચા કામના કેદી તરીકે કસ્ટડીમાં હોય આરોપીના ઝડપી ટ્રાયલ માટેના અધીકારો ઉપર વિપરીત અસર ન પડે તે માટે આ અદાલતે અગાઉની સુનવણીની તારીખે પ્રોસીકયુશનને તા.૮/૭/૨૪ તથા ૯/૭/૨૪ દરમ્યાન તપાસવાના બાકી રહેતા તમામ સાહેદોને હાજર રખાવવા અને તા.૧૫/૭/૨૪ના રોજ ત.ક.અ. શ્રી ને જુબાની માટે હાજર રખાવવા આદેશ કરી આરોપીના એફ.એસ. નોંધવા માટે તા.૨૨/૭/૨૪ ની મુકરર કરેલ છે.

આજરોજ ફરીયાદી જુબાની માટે હાજર છે. આરોપીના બચાવમાં રોકાયેલ વિ.વ.શ્રી પોતાની નાદુરસ્ત તબીયતના કારણે પોતે આજરોજ કેસ ચલાવી શકે તેવી સ્થીતીમાં નથી તેવુ જાહેર કરે છે. બચાવપક્ષે રોકાયેલ વિ.વ.શ્રીની શારીરીક સ્થીતી જોતા તથા તેઓ હોસ્પીટીલમાં સારવાર હેઠળ હોવા છતાં અદાલત સમક્ષ આ બાબત જાહેર કરવા હાજર રહેલ છે.આરોપીને આજરોજ જુનાગઢ જીલ્લા જેલ ખાતે થી વરચ્યુલી હાજર રખાવવામાં આવેલ છે તથા ઉપરોકત મુજબની પરીસ્થીતી બાબતથી આરોપીને સુમાહીતગાર કરી વકીલ શ્રી બી.એમ. પુરોહીત સીવાય રેકર્ડ ઉપરના અન્ય વકીલશ્રી મારફતે તેઓ શીડયુલ મુજબ કેસ ચલાવવા માંગતા હોય તો તે બાબત જાહેર કરવા વીકલ્પે વૈકલ્પીક વ્યવસ્થાના ભાગ રુપ અન્ય કોઈ વકીલશ્રી મારફતે પોતાનો બચાવ રજુ કરવા માંગતા હોય તો તે બાબત જાહેર કરવા અથવા તો જો લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલની સેવા મેળવવા માંગતા હોય તો તે બાબત અથવા તો હાલનો કેસનો ટ્રાયલ ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ અંતર્ગત ચાલી રહેલ છે ત્યારે આરોપી ટ્રાયલ દરમ્યાન પોતાના બચાવ માટે આ અદાલત લીગલ એઈડમાંથી અન્ય કોઈ સક્ષમ વિ.વ.શ્રીની સેવા પુરી પાડે તેવી માંગણી કરતા હોય તો તે સબંધે કાયદામુજબ કાર્યવાહી કરવામાં આવશે તેવી સમજ આપવામાં આવે છે અને જો તેઓ હાલે તેમણે બચાવમાં રોકેલ વિ.વ.શ્રી મારફતે કેસ આગળ ચલાવવા માંગતા હોય તો આ અદાલતે મુકરર કરેલ શીડયુલ રદ કરી હવે પછી અગ્રતા ના ધોરણે જયારે પણ તેઓને શીડયુલ ટ્રાયલ પુરુ પાડી શકાય તેમ હશે ત્યારે પુરુ પાડવામાં આવશે તેવી સમજ સાથે તથા આ કારણસર પ્રોસી. તરફથી કેસ ચલાવવામાં વિલંબ થાય છે તેમ ગણાશે નહી તેવી સ્પષ્ટ સમજ સાથે હાલનુ શીડયુલ ખોરવવામાં આવશે તેવી સમજ કરવામાં આવે છે.

ઉપરોકત રીતે સમજ આપ્યા બાદ આરોપી તરફથી ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ ની કલમ–૩૦૪ અંતર્ગત કે લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલની સેવા માટેની માંગણી કરવામાં આવતી નથી કે તેઓ બચાવમાટે રોકેલ અન્ય વિ.વ.શ્રી એ.આઈ.સુમરા મારફતે કેસ આગળ ચલાવવા તૈયારી દર્શાવતા નથી અને હાલમાં તેઓ જે વિ.વ.શ્રી બી.એમ.પુરોહીત નાઓ તેઓનો કેસ આગળ ચલાવશે તેમ જણાવે છે તે સારવારહેઠળ છે ત્યારે આ અદાલત પાસે ન્યાયના હીતમાં ઉપરોકત મુકરર કરેલ શીડયુલ રદ કર્યા સીવાય અન્ય વીકલ્પ રહેતો નથી તેથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**–:: હુકમ ::–**

**૧.** અગાઉ હુકમમાં લખ્યા મુજબ આગળની સુનવણી માટુ મુકરર કરવામાં આવેલ શીડયુલ રદ કરવામાં આવે છે તથા હવે પછી અન્ડર ટ્રાયલ કેસો ની પેન્ડન્સી ને નજર સમક્ષ રાખી ફરી વખત જે શીડયુલ મુકરર કરવામાં આવે તે મુજબ હાલનો કેસ આગળ ચલાવવામાં આવશે તેવી સમજ કરવામાં આવે છે.

**૨.** હાલનું શીડયુલ રદ કરવાના કારણે પ્રોસીકયુશન દવારા ટ્રાયલ ચલાવવામાં વીલંબ કરવામાં આવે છે અદાલત દવારા આરોપી અન્ડર ટ્રાયલ હોવા છતા પ્રાથમીકતા આપવામાં આવતી નથી તેમ ગણાશે.

**૩.** હુકમની નકલ જેલ ઓથોરીટી મારફતે આરોપીને મોકલી આપવી.

**૪.** જેલ ઓથોરીટીએ બીજો હુકમ ન થાય ત્યાં સુધી આરોપીને વરચ્યુલી જયુડીશ્યલ કસ્ટડી એકસ્ટેન્ડ થવા સારુ હાજર રખાવવા.

હુકમ આજરોજ તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
એમ.એ.સી.ટી.(મેઈન)
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)